PRNo.: SRT-687/2015-2017
Posted at : SURAT RMS / 2 on Dt.18-09-2017
RNI Regn. No. : GUJ/2006/20048

વિદ્યાર્થીઓનું અખબાર

# શિક્ષણ સર્વદા

**અંકના આકર્ષણ**

page > 2-3
મળવા જેવા માણસ : ડો. મહેન્દ્રસિંહ ચૌહાણ
માણવા જેવી સંસ્થાઃ કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ

page > 5
રાજ્યમાં ચાલુ વર્ષથી કઇ કોલેજમાં કયા કોર્સ બંધ થયા તે અંગેની વિગતવાર યાદી

page > 6
વિશ્વની ટોચની ૧૦૦ યુનિ.ઓ ટોચ પર કેમ છે એ અંગેની વિગતવાર યાદી

■ પાના : ૦૮ ■ વાર્ષિક લવાજમ રૂા.૫૦૦/-
email : shikshansarvada@gmail.com
તંત્રી : જસ્મીન પચ્ચીગર ● ડિરેક્ટર : અશોક રાંદેરીયા ■ સળંગ અંક : ૨૬૦ ■ વર્ષ : ૧૧ ■ તા.૧૬ થી ૩૦, સપ્ટેમ્બર ૨૦૧૭
પ્રેસનોટનું સ્થળ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ■ મો : ૯૪૨૬૬-૪૪૯૪૪ ■ ફોન-ફેક્સ : ૦૨૬૧-૨૭૪૭૪૪૦.

**શિક્ષણ સર્વદા**

**11 Years**
**& Counting....**

- ■ ૧૧,૦૦૦ લવાજમ ધારકો
- ■ ૧,૨૫,૦૦૦ ઉપરાંત વાચકો
- ■ ૩૨૦૦ શૈક્ષણિક સંસ્થાઓ
- ■ ૫૮૧ કારકિર્દી માર્ગદર્શન સેમિનાર
- ■ ૧૧ કારકિર્દી પુસ્તક પ્રકાશન

**અમે બાળ છીએ અને બાળકો માટે છીએ**

# કેમ્બ્રિજ યુનિવર્સિટી ૮૦૦ વર્ષ જૂની લેખિત પરીક્ષા પદ્ધતિ બંધ કરશે!!

**૮૦૦ વર્ષ જૂની પરીક્ષા પદ્ધતિ બંધ કરી લેપટોપ-આઈપેડ પર પરીક્ષા લેવાશે : વિદ્યાર્થીઓના ખરાબ અક્ષરને કારણે કેમ્બ્રિજ યુનિ. લેખિત પરીક્ષા બંધ કરશે**

બ્રિટનની પ્રતિષ્જિત અને જગવિખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટી પોતાની ૮૦૦ વર્ષ જૂની લેખિત પરીક્ષા લેવાની પરંપરા બંધ કરશે અને આમ કરવાનું કારણ વિદ્યાર્થીઓનાં ખરાબ અક્ષરો છે. હવે વિદ્યાર્થીઓની પરીક્ષા લેપટોપ અથવા તો આઈપેડ પર લેવામાં આવશે.

શિક્ષણવિદો કહે છે કે હવેના સમયમાં વિદ્યાર્થીઓ મોટાભાગે લેપટોપ જેવી ડિવાઈસીસ પર આધાર રાખે છે અને તેના પરિણામે તેઓ અક્ષર સારા થતા નથી. આ કારણસર ૮૦૦ વર્ષ જૂની આ પરીક્ષા પદ્ધતિ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓમાં લેક્ચર નોટ્સ માટે પણ લેપટોપનો ઉપયોગ થાય છે.

કેમ્બ્રિજ યુનિવર્સિટી દ્વારા હવે ડિજિટલ એજયુકેશન સ્ટ્રેટેજીના એક ભાગરૂપે એક કન્સલ્ટેશનની રજૂઆત કરાઈ છે. આ માટેનો પાઈલટ પ્રોજેક્ટ પણ શરૂ થઈ ચૂક્યો છે. સિનિયર લેક્ચરર ડો. સારાહ પીઅરસલ આ પાઈલટ પ્રોજેક્ટમાં સામેલ છે. તેઓએ કહ્યું હતું કે સ્વહસ્તે લખવાની કળા લુપ્તપ્રાય થયેલી કળા સમાન છે, જે આજની પેઢીના વિદ્યાર્થીઓમાં જોવા મળતી નથી. ૧૫-૨૦ વર્ષ અગાઉ વિદ્યાર્થીઓ સામાન્ય રીતે લખીને પરીક્ષા આપતા હતા. પરંતુ આ વિદ્યાર્થીઓ હવે વર્ચ્યુઅલી લખે છે. અમે છેલ્લા કેટલાક વર્ષોથી જોતા આવીએ છીએ કે સ્વહસ્તે લેખનની ટેવ વિદ્યાર્થીઓમાં સતત ઓછી થતી જાય છે. આ વિદ્યાર્થીઓ અને પરીક્ષકો માટે મુશ્કેલ છે, કેમકે હસ્તાક્ષરો વધુને વધુ ખરાબ થઈ રહ્યા છે.

જો કે યુનિવર્સિટીના આ કદમથી સૌ કોઈ ખુશ નથી. કેટલાક લોકોએ આનો વિરોધ પણ કર્યો છે. બ્રિટિશ ઈન્સ્ટીટ્યુટ ઓફ ગ્રાફોલોજિસ્ટસના હેન્ડરાઈટીંગ નિષ્ણાત ટ્રેસી ટ્રુસેલે કહ્યું હતું, કેમ્બ્રિજ યુનિવર્સિટીએ સ્વહસ્તે લખીને પરીક્ષા આપવાની પદ્ધતિ ચાલુ રાખવી જોઈએ. લોકો સ્વહસ્તે લખે એ મહત્ત્વપૂર્ણ છે. તેમણે એવી પણ ભીતિ વ્યક્ત કરી હતી કે કેમ્બ્રિજનું આ જ ઉદાહરણ લઈને અન્ય સ્કૂલો પણ આવો પ્રયાસ કરશે. કેમ્બ્રિજ યુનિ. સેક્સ અસોલ્ટ એડવાઈઝર નિયુક્ત કરશે. યુકેની જગવિખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ફૂલટાઈમ સેક્સ્યુઅલ અસોલ્ટ એન્ડ હેરેસમેન્ટ એડવાઈઝરની નવી પોસ્ટ માટે અરજીઓ મંગાવતી એક જાહેરાત પ્રસિદ્ધ કરી છે. જેનો હેતુ જાતિય હુમલાનો ભોગ બનનારા વિદ્યાર્થીઓને સલાહ અને સહકાર આપવાનો છે. આ નવી પોસ્ટ યુનિવર્સિટીની કાઉન્સેલિંગ સર્વિસનો એક ભાગ બનશે અને આ પોસ્ટ બ્રિટિશ યુનિવર્સિટીમાં સૌપ્રથમ હોવાનું માનવામાં આવે છે. આ અંગેની જાહેરાત મુજબ સફળ ઉમેદવારે પોલીસ સાથે કામ કરવાનું રહેશે. આ ઉપરાંત સતામણી, ઘૃણા અપરાધ અને જાતિય દુર્વ્યવહાર જેવા મુદ્દાઓ પર કામ કરવાનું રહેશે તેમજ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ સાથે વિવિધ વર્કશોપ્સનું આયોજન કરવા જેવી કામગીરી કરવાની રહેશે.


## સમગ્ર દેશમાં મધ્યાહન ભોજન ઉપરાંત પૌષ્ટિક નાસ્તો આપવામાં ગુજરાત સૌ પ્રથમ રાજય બન્યું

# પ્રાથમિક શાળાના ૪૦ લાખ બાળકોને પૌષ્ટિક નાસ્તો અપાશે

રાજયની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ચાલતી મધ્યાહ્‌ન ભોજન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને વધુ પોષણયુકત ખોરાક મળી રહે તે માટે ભોજન બાદ નિયત સમયે ચણા, ચાટ, સુખડી, મુઠિયા, મિકસ દાળ અને કઠોળ જેવો પૌષ્ટિક નાસ્તો પણ આપવાનો નિર્ણય લેવાયો છે. જેનો લાભ ૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને મળશે. આ સાથે અગાઉ મધ્યાહ્‌ન યોજના અંતર્ગત ભોજનની અપાતી તીખી લાપસી, વઘારેલાં ભાત, ખીચડી અને હાંડવા જેવી વાનગીઓની બાદબાકી કરવામાં આવી છે. તેના સ્થાને પ્રોટિનયુક્ત વાનગીઓ આપવામાં આવશે. નવા નિર્ણય મુજબ હવેથી વિદ્યાર્થીઓને ભોજનમાં થેપલા, સૂકી ભાજી, વેજીટેબલ ખીચડી, દૂધીચણાનું શાક, દાળ ઢોકળી, વેજિટેબલ પુલાવ, મુઠિયા વગેરેનો પ્રથમ ભોજનમાં અપાશે. જયારે નાસ્તામાં ચણા, ચાટ, સુખડી, મુઠિયા, મિકસ દાળ અને કઠોળ આપવામાં આવશે. અગાઉ તીખી લાપસી, વઘારેલા ભાત, ખીચડી, હાંડવો જેવી વાનગીઓ પીરસાતી હતી તેમાં ઉપરોકત ફેરફાર કરાયો છે.

અગાઉ વિદ્યાર્થીને કોઈપણ પ્રકારનો નાસ્તો આપવામાં આવતો નહતો. શિક્ષણપ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાના માર્ગદર્શન હેઠળ અગાઉ શિક્ષણ વિભાગ તથા મધ્યાહ્‌ન ભોજન શાખાના ઉચ્ચ અધિકારીઓ તથા ન્યુટ્રીશિયન તજજ્ઞોની અવારનવાર બેઠક પણ યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓને વધુ પોષ્ટિક આહાર મળી રહે તેવું નકકી કરાતા શિક્ષણ વિભાગે મધ્યાહ્‌ન ભોજન યોજનામાં મહત્વના ફેરફાર કર્યા છે. નવા મેનુની વિશેષતામાં એ છે કે, છેલ્લા ૩૩ વર્ષથી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને માત્ર એક જ વખત બપોરના નાસ્તોભોજન અપાતું હતું પરંતુ આ નિર્ણયના કારણે બાળકોને બપોરે પ્રથમ ભોજન અને ત્યારબાદ નિયત સમયબાદ ન્યુટ્રીશિયનની સલાહ મુજબ નાસ્તારૂપે ફણગાવેલા કઠોળની ચાટ, સુખડી, જેવો પૌષ્ટિક આહાર પણ આપવામાં આવશે. આ પ્રકારના આહારના કારણે કૂપોષતિ બાળકોને પોષણયુક્ત આહાર પીરસી કૂપોષણની સમસ્યાને ડામવામાં પણ મદદ મળશે એમ શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

# અજાતશત્રુ અને છૂપા સમાજસેવક ડો.મહેન્દ્રસિંહ ચૌહાણ મળવા જેવા માણસ છે



મળવા જેવો માણસ શિક્ષણ સર્વદા ટીમને આ કોલમના પહેલા અંકમાં શહેરના જાણીતા ઓપ્થેલમોલોજિસ્ટ તબીબ અને છૂપા સમાજ સેવક ડો. મહેન્દ્રસિંહ ચૌહાણથી વિશેષ પ્રતિભા અન્ય કોઇ ન હોય શકે એવું અનુભવ્યું.

મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના સ્થાનિક પ્રતિનિધિ તરીકે લોકપ્રિય રીતે ચૂંટાયેલા ડો.મહેન્દ્રસિંહ ચૌહાણ આજે ઓપ્થેલ્મોલોજિસ્ટ તબીબ હોવા ઉપરાંત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પાયાના પરિવર્તનકાર તરીકે પણ ભૂમિકા અદા કરી રહ્યા છે. પરિવર્તનકાર શબ્દ પ્રયોગ એટલા માટે કરવામાં આવ્યો કેમકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ડો. મહેન્દ્રસિંહ ચૌહાણે બાવા આદમના જમાનાથી ચાલી આવતા એવા અસંખ્ય નીતિ નિયમો બદલાવ્યા છે જે વર્તમાન પરિસ્થિતિ અને સમય સંજોગને અનુરૂપ ન હતાં. તેમાં સુધારાની તાતી જરૂરીયાત વર્તાતી હતી પરંતુ, આવું થૅંકલેસ કામ કોઇ હાથમાં લેતું નહીં, પરંતુ ડો. મહેન્દ્રસિંહે આજના જમાનાને અનુરૂપ બદલાવ લાવીને તેમને યુનિવર્સિટીના વહીવટની જે સેવા કરી છે એના ફળ કેટલા મીઠા છે એ જાણવું હોય તો એની સાથે સંકળાયેલા કર્મચારીઓને અને અધિકારીઓને મળીને તેમના પ્રતિભાવ જાણવા પડે.

છેલ્લા ૨૧ વર્ષથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ક્ષેત્રમાં પત્રકારત્વ સાથે સંકળાયેલા હોવાના નાતે લેખક એવું કહે છે કે ડો મહેન્દ્રસિંહ ચૌહાણ ન હોત તો આજે પણ આ યુનિવર્સિટીમાં બાબા આદમના જમાનાનાં નીતિ-નિયમો અમલમાં જોવા મળ્યા હોત. મળવા જેવા માણસની આ કોલમમાં ડો મહેન્દ્રસિંહ ચૌહાણ વિશે જ્યારે લખવાનું શરૂ કર્યું ત્યારે લેખકના મનમાં પહેલો વિચાર એ જ આવ્યો કે મૃદુભાષી વ્યક્તિ, અત્યંત મળતાવડો સ્વભાવ અને અજાણ્યાને પહેલી મદદ કરેએવી કોઇ સુરતી પ્રતિભા હોય તો એ ડો.મહેન્દ્રસિંહ ચૌહાણ છે. સ્વભાવે એટલાં નિખાલસ છે કે પોતાની સાથે બેઠેલી વ્યક્તિ જો કોઇ ભૂલ કરે તો એ ભૂલ સુધારવા ને અવકાશ આપે અને ઇરાદાપૂર્વક ખોટું કર્યું હોય તો ક્લીયર કટ મોઢા પર ચોપડાવી પણ દે.

નર્મદ યુનિવર્સિટીમાં એવા ઘણા લોકો છે જેમને ડો મહેન્દ્રસિંહ ચૌહાણની હાજરી અવશ્ય ખૂંચતી હશે, પરંતુ એવા અગણિત લોકો છે જેઓ મહેન્દ્રસિંહ ચૌહાણે જાણતાં પણ નહીં હોય પરંતુ તેઓ ડો મહેન્દ્ર સિંહ ચૌહાણે લેવડાવેલ આ અને નિર્ણયોના મીઠા ફળ આરોગી ચૂક્યા છે.પીએચડીમાં એન્ટ્રન્સ એક્ઝામ હોય કે પછી મેડીકલ એજ્યુકેશનમાં પરીક્ષણ કાર્ય હોય, વીર નર્મદ યુનિવર્સિટી િય સંલગ્ન કોલેજોના જોડાણ આપવાની નીતિ હોય કે પછી સેનેટની ચૂંટણીમાં મતદાર ઓળખ કામમાંથી એટેસ્ટેશન પદ્ધતિને તિલાંજલી આપવાની આપવાનો નિર્ણય હોય, આવા અનેક કામો જો ગણવા બેસીએ તો તેની સંખ્યા અગણિત છે અને તેનો વ્યાપ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રના છેવાડાના લોકો સુધી પહોંચે છે. આવા નિર્ણયો ડો મહેન્દ્ર ચૌહાણે અંગત રસ લઈને લેવડાવ્યા છે.

એવા અનેક લોકો છે જેઓ આ યુનિવર્સિટીના વહીવટમાં સંકળાયેલા છે એટલા માટે કે તેમના સ્થાપિત હિત પણતેની સાથે છે એટલે પ્રતિકૂળ વાતાવરણ ન સર્જાય એ હેતુથી અનેક લોકો યુનિવર્સિટીના વહીવટ સાથે સંકળાવાનો પસંદ કરતાં હોય છે પરંતુ ડોક્ટર મહેન્દ્રસિંહ ચૌહાણની વાત કરીએ તો પોતાના અંગત સ્વાર્થ માટે ક્યારેય તેમણે પોતાની વગ પોતાની પોઝિશન એ પોતાના હોદ્દાનો ઉપયોગ કર્યો હોય એવો એકેય દાખલો તેમના વિરોધીઓને આજ સુધી મળ્યો નથી. મહેન્દ્રસિંહ ચૌહાણના વિરોધીઓએ યુનિવર્સિટીના અનેક થોથા ઉથલાવતા સિન્ડીકેટ સભાની બેઠકની મિનિટ્સના, જુદા જુદા અધિકાર મંડળોના ઠરાવના હજારો કાગળો અને ફંફોસી જોયા હશે પરંતુ તેમને એવું કશુ હાથમાં લાગ્યો નથી કે જેમાં ડો મહેન્દ્ર ચૌહાણે પોતાના કે પોતાના અંગત હિત માટે કોઇ નિર્ણય લેવડાવવા હોય, અને આ જ કારણથી ડો મહેન્દ્રસિંહ ચૌહાણ યુનિવર્સિટીના વહીવટમાં જે પણ કામ કરાવે છે ડંકે કી ચોટ પર કરાવે છે કોઇનાપણ દાબદબાણમાં આવ્યા વગર જાહેર વિદ્યાર્થીઓને સાંકળીને નિર્ણય લેવડાવવા મહેન્દ્રસિંહ ચૌહાણ ઘણી વખત એકલા પણ પડ્યા છે પરંતુ ક્યારેય તેમણે હાર નથી માની.

# નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલમાં લીલીબા કન્યાશાળા પ્રથમ, વનિતા વિશ્રામ દ્વિતિય અને ત્રીજા ક્રમે અખંડ આનંદ વિદ્યાલય વિજેતા

નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝીયમ દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ચાલુ વર્ષે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી- ગાંધીનગર પુરસ્કૃત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર સુરત દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી તેમજ સંસ્કારભારતી વિદ્યાલય, સહયોગથી સુરત જિલ્લા કક્ષાની વિજ્ઞાન નાટ્ય સ્પર્ધા ગઇ તા.૬/૦૯/૨૦૧૭ને બુધવારના રોજ સંસ્કાર ભારતી વિદ્યાલય, રાંદેર રોડ, સુરત ખાતે યોજાઇ હતી. આ સ્પર્ધામાં જીલ્લાની વિવિધ શાળાના બાળકો દ્વારા વિજ્ઞાન અને સમાજ મુખ્ય થીમ પર ૪ પેટા વિષય આધારિત પસંદ કરીને જે તે વિષય પર ૩૦ મીનીટમાં નાટ્ય રજૂ કરવામાં આવ્યા હતા, કુલ નોંધાયેલી ૬ શાળાઓ પૈકી ૩ શાળાઓ સહભાગી બની હતી.

તે પૈકી (૧) પ્રથમ ક્રમે લીલાબા કન્યા શાળાની ટીમ વિજેતા થઇ છે. તેઓ સૌર ઉર્જા, ધ્યોર ઉર્જા વિષય પર નાટક પ્રસ્તુત કરેલ, જે ગુજકોસ્ટ ગાંધીનગર દ્વારા યોજાનાર રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે, (૨) બીજા ક્રમે વિજેતા સર વિ.ડી.ટી. ગર્લ્સ, વનિતા વિશ્રામ શાળાએ નદીની સફાઇ નાટક રજુ કરેલ (૩) ત્રીજા ક્રમે વિજેતા અખંડ આણંદ વિદ્યાલય શાળાની ટીમે હરિત ર્જા વિષય પર નાટક રજુ કરેલ, સ્પર્ધાના નિર્ણાયકો તરીકે (૧) શ્રીનરેશભાઇ કાપડિયા, નિયામક, સ્કોપા, અને (૨) વિમલભાઇ ચુડાસમા, આચાર્યશ્રી, નવનિર્માણ વિદ્યાલય, સુરત સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમની સફળતાપૂર્વક આયોજન જી.એન. કાકડિયા. ડાયરેક્ટર, અને ટીમ સુરત દ્વારા કરવામાં આવ્યું હતું.

# એલ.પી. સવાણી ઇન્ટરનેશનલ પાલનપોર ખાતે કુકિંગ વિધાઉટ ફાયર સ્પર્ધા યોજાઇ



વીતેલા પખવાડિયા દરમિયાન વિદ્યાર્થીઓ માટે કુકિંગ વીધાઉટ ફાયર કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો શાળાના આચાર્ય શ્રીમતી મનીષાબેન વ્યાસ તેમજ શ્રીમતી હિનાબેન પારેખનો વિજેતા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# જી.ડી.ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કુલ ખાતે પ્રાઇમરી વિભાગમાં ક્વીઝ કોમ્પિટિશન યોજાઇ



શહેરના ન્યુ સિટીલાઇટ વિસ્તારમાં આવેલી જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલના પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે વીતેલા પખવાડિયે ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું આ ક્વિઝ કોમ્પિટીશન માં ભાગ લેનારા વિદ્યાર્થીઓ તેમજ તેમાં વિજેતા નીવડેલા વિદ્યાર્થીઓ સાથે શાળાના શિક્ષિકાએ સમૂહ તસ્વીર લીધી હતી જે અત્રે પ્રસ્તુત છે.

# સંસ્કારકુંજ જ્ઞાનપીઠના ભાવિ શિક્ષકોને સંચાલક પરેશ પટેલએ મહત્વની ટીપ્સ આપી



શિક્ષક દિનના ઉપલક્ષ્યમાં ઓલપાડરોડ પર નરથાણ પાટિયાખાતે આવેલ સંસ્કાર કુંજ જ્ઞાનપીઠ વિદ્યાલયમાં શિક્ષકોની ભૂમિકા અદા કરનાર શાળાના વિદ્યાર્થીઓને શાળાના સંચાલક શ્રી પરેશ પટેલ દ્વારા મહત્વની ટિપ્સ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું શ્રી પરેશ પટેલે શિક્ષકનું જીવનમાં મૂલ્ય સમજાવતાં વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે દરેક કારકિર્દીની જન્મી એ શિક્ષક જ હોય છે શિક્ષક જ વિદ્યાર્થીને તબીબ, ઇજનેર, સનદી અધિકારી, વૈજ્ઞાનિક, વિમાની પાયલોટ કે કોઇ કંઇ પણ કારકિર્દી ની ભૂમિકામાં લાવી શકે તેટલા સામર્થ્યવાન હોય છે.

# શિક્ષણ સમિતિ સંચાલિત કવિ કલાપી પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓએ મેળવેલી સિદ્ધિઓ



શહેરના વરાછા રોડ જય પાર્ક ખાતે આવેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત કવિશ્રી કલાપી પ્રાથમિક કન્યાશાળા નં ૮૭ વિદ્યાર્થીની બહેનોએ બાળ કવિ સ્પર્ધા તેમજ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમ અને અન્ય એક વિદ્યાર્થીની ચિત્ર સ્પર્ધામાં ત્રીજો ક્રમ મેળવીને શાળાનું નામ રોશન કર્યું છે અસ્મિતા બાંભણિયા બાળકવિ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા પામ્યા, સોનલ બાંભણિયા ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે અને પ્રીતિબેન ખણેછા ચિત્ર સ્પર્ધામાં ત્રીજા ક્રમે વિજેતા નીવડ્યા છે. શાળાના આચાર્ય શ્રી અલ્પેશકુમાર પીપળીયા તેમજ તેમને તૈયારી કરાવનાર શિક્ષિકા બહેનો શ્રીમતી અલ્પાબેન એમ.પટેલ અને શ્રી ભાવિશાબેન હિંગરાજીયા એ વિજેતા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી છે.

*જાણવા અને માણવા જેવી સંસ્થા અંતર્ગત આ વખતે શિક્ષણ સર્વદા ટીમે સુરત શહેરમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે જબરદસ્ત પ્રગતિ સાધનાર કાંઠા વિભાગ નવનિર્માણ મંડળને આપની સમક્ષ રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે*




# પ્રેરણાદાયી શૈક્ષણિક સંકુલ એટલે સુરતનું જૂનુ અને જાણીતુ કાંઠા વિભાગ નિર્માણ મંડળ

કાંઠા વિભાગ નિર્માણ મંડળ કદાચ સુરતી પરિવારો કે વાચકો માટે અથવા તો કોલેજીયન વર્ગ માટે અજાણ્યું નામ હશે પરંતુ જો કોઈ શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા કોલેજ કેમ્પસના વ્યક્તિને પૂછવામાં આવે તો તેનો તરત જ એ રીપ્લાય મળે કે કોલેજીયન અને યંગસ્ટર્સની હોટફેવરિટ કોલેજ કેમ્પસ કે જેનું નામ ડીઆરબી તરીકે લેવાય છે. નવનિર્માણ મંડળની રચના ૨૧મી મે ૧૯૬૫ના રોજ કાંઠા વિભાગના ગામડામાં રહેતા કોળી પટેલ સમાજના તત્કાલિન આગેવાન મુરબ્બી શ્રીનરસિંહભાઈ કોન્ટ્રાક્ટરના પ્રમુખપદે કરવામાં આવી હતી એ સમયે કાંઠા વિભાગમાં આવેલા ગામડાઓના પરિવારોના બાળકો તેમ જ યુવાનોને શિક્ષણ અને તાલીમ મળી રહેતી હેતુથી સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

૧૯૬૭માં નવનિર્માણ ઉત્તર બુનિયાદી વિદ્યાલય ની સ્થાપના કરી હતી એ પછી આ સંસ્થાએ પાછું વળીને જોયું નથી અને એક પછી એક ઉપયોગી અને બેસ્ટ કોલેજ સુરતવાસીઓને સમર્પિત કરીએ રાખે છે. નોલેજ શેરિંગ અને નોલેજ સ્ટેડિંગ ના સ્લોગન સાથે કાર્યરત કાંઠા વિભાગ નવનિર્માણ મંડળમાં આજે અલગ-અલગ કોલેજો જેવી કે બીબીએ કોલેજ, બીસીએ કોલેજ, પીટીસી ઇંગ્લીશ મીડીયમ કોલેજ સાયન્સ કોલેજ અને શાળાઓનો સમાવેશ થાય છે. સમગ્ર સંકુલને ડી સી પટેલ નવનિર્માણ એજ્યુકેશન કેમ્પસ નામ આપવામાં આવ્યું છે.

શહેરના સિટીલાઇટ વિસ્તારમાં આવેલા ડી સી પટેલ નવનિર્માણ એજ્યુકેશન કેમ્પસમાં ડી.આર. પટેલ અને આર. બી. પટેલ કોમર્સ કોલેજ કે જેમાં ગુજરાતી અને ઇંગ્લીશ મીડીયમ એમ બંને ભાષામાં બી.કોમ. અભ્યાસક્રમ કાર્યરત છે. સી બી પટેલ કમ્પ્યુટર કોલેજ જેમાં બીસીએનો કોર્સ ચલાવવામાં આવે છે. સી એમ પટેલ પીટીસી કોલેજ જ્યાં સુરત શહેરની એક માત્ર ઇંગ્લીશ મીડીયમ પીટીસી કોલેજ કાર્યરત છે. નવનિર્માણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ કે જ્યાં બી.બી.એ. કોલેજ કાર્યરત છે. તેમજ જેએમએન પટેલ સાયન્સ કોલેજ કે જ્યાં બી.એસસી.ના અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. આ તમામ કોલેજો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન છે.

તદુપરાંત કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ દ્વારા આ ઇંગલિશ એકેડેમી નામથી એક શાળા સંકુલ પણ શરૂ કરવામાં આવ્યું છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સાથે સંલગ્ન ધરાવતી હોય એવી એચ.એમ.પટેલ પ્રિપ્રાયમરી અને પ્રાઇમરી સ્કૂલ નો આરંભ બે વર્ષ અગાઉ થઈ ચૂક્યો છે આમ ઉત્તર બુનિયાદી વિદ્યાલય સાથે શરૂ થયેલી આ સંસ્થાએ ઉત્તરોત્તર પ્રગતિ સાધી છે જે આજે ધોરણ ૧૨ પાસ કરીને આવતા વિદ્યાર્થીઓ માટે પસંદગીનો પહેલો ક્રમ બની ને રહી છે.

સંસ્થાની નીતિ રીતીઓની વાત કરીએ તો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં એવી બહુ જૂજ કોલેજ હશે અથવા એવા સંચાલક મંડળો શોધ્યા નહીં મળે એ જેઓ અધ્યાપકોને સંપૂર્ણ પગાર-ધોરણ આપતા હોય કહેવાનું તાત્પર્ય એ છે કે શિક્ષણનો પ્રસાર-પ્રચાર કરી રહેલા અધ્યાપકો માટે પણ આ સંસ્થા અને તેના સંચાલક મંડળની નીતિરીતિઓ સર્વાંગી વિકાસ સાધી આપનારી નીવડે છે.

## હાલના ટ્રસ્ટી મંડળ અને પદાધિકારીઓ

હાલમાં આ સંસ્થાના ટ્રસ્ટીઓ તરીકે રાજ્યના માજી મંત્રી શ્રી મહેન્દ્રભાઈ પટેલ, શહેરના જાણીતા બિલ્ડર ઉદ્યોગપતિ શ્રી હિતેન્દ્રભાઇ દુર્લભભાઈ પટેલ કે જેઓ હિતેશ પટેલના નામથી જાણીતા છે. શ્રી નાનુભાઈ ઠાકોરભાઈ પટેલ, શ્રી પંકજભાઈ પટેલ અને શ્રી પંકજભાઈ નટવરભાઇ પટેલ નો સમાવેશ થાય છે. કાંઠા વિભાગ નવનિર્માણ મંડળની હાલમાં દિશા આપી રહેલા આગેવાનો પર નજર કરીએ તો શહેરના જાણીતા અગ્રણી અલ્થાણના વતની એવા શ્રી સુનિલભાઇ નટવરભાઇ પટેલ પ્રમુખ પદે છે જ્યારે બે ઉપપ્રમુખોમાં શ્રી મહેન્દ્રભાઈ રતનજીભાઈ પટેલ અને મનસુખભાઈ ઠાકોરભાઈ પટેલનો સમાવેશ થાય છે. મંત્રી તરીકેની જવાબદારી શ્રી વિજયભાઈ ભાણાભાઈ પટેલ સુપેરે નિભાવી રહ્યા છે તેમની સાથેની ટીમમાં શ્રી મોહનભાઈ ભાણાભાઈ પટેલ જોઇન્ટ સેક્રેટરી છે. જ્યારે કારોબારી સમિતિના સભ્યો પર નજર કરીએ તો શ્રી પંકજભાઈ નટવરભાઇ પટેલ, શ્રી મોહનભાઈ કીકાભાઈ પટેલ, શાંતિલાલ પટેલ, શ્રી અર્જુનભાઇ શાંતિલાલ પટેલ, શ્રી જેન્તીભાઈ પટેલ, શ્રીઅરવિંદભાઈ રતીલાલભાઈ પટેલ, શ્રી કનુભાઈ ઠાકોરભાઈ પટેલ, શ્રી નવનીતભાઈ મોતીભાઈ પટેલ, શ્રી છગનભાઇ ડાયાભાઇ પટેલ, શ્રી મણીલાલભાઇ રામજીભાઇ પટેલ, શ્રીમતી નિર્મળાબેન મહેન્દ્રભાઈ પટેલ, શ્રી ભગુભાઈ રામજીભાઈ પટેલ, શ્રી પરસોલી, શ્રી પદ્માકરભાઇ, શ્રી મંગુભાઈ ચીમનભાઈ પટેલ, ગોપાળભાઈ પટેલ, શ્રી ચીમનભાઇ ગોપાલભાઈ પટેલ, શ્રી નાથુભાઈ નારણભાઇ પટેલ, ગોવિંદભાઈ પટેલ નો સમાવેશ થાય છે.

કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ સંસ્થા જ્યારથી અસ્તિત્વમાં આવી ત્યારથી તેના પાયામાં એક જ સૂત્ર હતું અને એ આજે પણ પ્રસ્તુત છે કે અહીં અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓની વિદ્યાર્થીઓનો માનસિક શારીરિક બૌદ્ધિક વિકાસ થાય તેમની પ્રતિભાને સર્વાંગી રીતે વેગ મળે અને તેઓ ઉચ્ચ અભ્યાસ બાદ સામાન્ય જીવન ના માર્ગે આગળ વધે ત્યારે એમને અહીં આ કેમ્પસમાં મેળવાયેલ શિક્ષણ ઉપયોગી નિવડે આ જ નેમ સાથે સિમ્પલ લિવિંગ હાઇ થિન્કિંગ નાપાક સુરત શહેરના હજારો યુવાનોને પડાવી રહી છે.

શિક્ષણ સર્વદા પખવાડિકમાં જાણવા અને માણવા જેવી સંસ્થાના આ પહેલાં જ આર્ટીકલમાં અમે નવનિર્માણ મંડળ રજૂ કરવાનો નિર્ણય પણ એટલે જ કર્યો કે જે સંસ્થા ફક્ત અને ફક્ત યુવા પેઢીના વિકાસ માટે કાર્યરત છે એના વિશે સુરત શહેરના લોકો શિક્ષણ સર્વદા ના વાચકો તેમજ સુરત બહારના લવાજમધારક જાણો ગુણવત્તા સાથે બાંધછોડ નહીં ઉપરોક્ત શિર્ષક કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ ના સંચાલક મંડળ માટે પાયા ની ચાવી છે.

## મેરિટથી નિર્ણય

નિર્ણય લેવા માટેનું કોઇ પણ ક્ષેત્ર હોય પછી એ સંસ્થા માટે સાદો કાગળ લેવાનો હોય સંસ્થાના આચાર્ય ની પસંદગી કરવાની હતી સંસ્થામાં કોઇ પણ પ્રકારની માળખાગત સુવિધા ઊભી કરવાની હોય લાઇબ્રેરીમાં પુસ્તકો ખરીદવા ના હોઈ વિદ્યાર્થીઓ અથવા તો સ્ટાફ માટે કમ્પ્યુટર શેર ખરીદવા ના હોય કે અન્ય કોઈ પણ ક્ષેત્ર હોય ત્યાં કોઈ નિર્ણય લેવાનો હોય ત્યારે સંચાલક મંડળ નો અભિગમ એકસમાન રહ્યો છે કે ગુણવત્તા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ કે સમાધાન કરવું નહીં અને આ જ કારણથી કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ અને તેની સંચાલિત કોલેજો અને સુરત શહેરમાં અવ્વલ નંબરે બિરાજમાન છે

## રચનાત્મક અભિગમ

છેલ્લા ૧૫ વર્ષથી સંસ્થા માં નિયમિત રીતે મુલાકાત લઇ રહેલા આ લેખકના મતે કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ કોઈ બહુમૂલ્ય જમા પાસું હોય તો એ રચનાત્મક અભિગમ છે આ સંસ્થામાં સંચાલક મંડળમાં બિરાજમાન તમામ સભ્યોનું એક જ સૂર હોય છે કે સતત રચનાત્મક અભિગમ અપનાવીને વિદ્યાર્થીઓનો વિકાસ કરવો, શિક્ષકોની ગુણવત્તા, ટીચિંગ મેથોડોલોજી, આધુનિક માળખાગત સુવિધાઓ વિકસાવવી. વહીવટમાં પારદર્શિતા તો છે જ પરંતુ સાથોસાથ કોલેજના વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે વિશ્વમાં સાંપ્રત પ્રવાહો ની માહિતી મળી રહે તે માટે નિયમિત સમયાંતરે જુદા જુદા એક્સપર્ટ્સને સંસ્થામાં બોલાવીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. સંસ્થામાં મુલાકાતી તરીકે આવતા એક્સપર્ટની પસંદગી પણ તેની ઉપલબ્ધતા જોઇને નહિ પરંતુ એમની કાર્યપ્રણાલી અને વિદ્યાર્થીઓની માંગના આધારે કરવામાં આવે છે. ટૂંકમાં એમ કહી શકાય કે કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ સંચાલિત સંસ્થાઓ વિદ્યાર્થી કેન્દ્રી પ્રવૃત્તિ ને હંમેશા માટે અગ્રતા ક્રમે રાખી રહ્યા છે.

## અન્ય કોલેજો માટે પ્રેરણાદાયી દાખલો

કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ સંચાલિત કોલેજો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વહીવટકર્તાઓ માટે એક એવો દાખલો છે જે અન્ય કોલેજોના સંચાલકો સામે પ્રેરણાત્મક રીતે ધરી રહ્યા છે. આ એવી સંસ્થા છે જે સ્થાપના પછી અત્યાર સુધી ક્યારેય યુનિવર્સીટી સાથે કોઇપણ રીતે સીધા સંઘર્ષમાં આવી નથી. સંચાલક મંડળે યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી સૂચનાઓને યોગ્ય રીતે અમલ કર્યો છે એવા ઘણા દાખલા મળી આવશે કે સુરતની ઘણી બધી કોલેજો અને યુનિવર્સિટી ના વહીવટકર્તાઓ વચ્ચે એક યા બીજા કારણોસર સંઘર્ષમય સ્થિતિ પેદા થઈ હોય, પરંતુ આવું ક્યારેય કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ સાથે બનતું જોવા મળ્યું નથી. અને આ જ કારણથી છેલ્લા ઘણા વર્ષોથી યુનિવર્સિટીના વહીવટકર્તાઓ આ સંસ્થાને ટાંકી નહીં ઉદાહરણ અન્ય કોલેજોના સંચાલક મંડળ સમક્ષ રજૂ કરે છે એ એફિલિયેશન ફીની ચુકવણી હોય કે વિદ્યાર્થીઓ પાસેથી ફીની વસૂલાત હોય કે પછી અધ્યાપકોને પૂરતો પગાર ચૂકવવાનો હોય કે કોલેજમાં ચોક્કસ પ્રકારની માળખાગત સુવિધા ઊભી કરવાની હોય, મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રમાં સ્ટાફની ફાળવણી કરવાની હોય કે યુનિવર્સિટીએ સૂચવેલું કોઇપણ કાર્ય હોય, આવા કોઇપણ કાર્યમાં આ સંસ્થાએ ક્યારેય રચનાત્મક બાબતમાં ઇનકાર કર્યો હોવાનો એકેય દાખલો નથી અને આ જ કારણથી કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ અને તેની સંચાલિત કોલેજો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની અન્ય કોલેજો માટે પ્રેરણાદાયી દાખલો બની રહી છે.

**શિક્ષણ સર્વદા એ 'મળવા જેવા માણસ' અને 'માણવા જેવી સંસ્થા' બે લેખમાળા શરૂ કરી છે. આપના તરફથી કોઇ સંસ્થા કે પ્રતિભાસંપન્ન વ્યક્તિ માટે સૂચનો આવકાર્ય છે**

**સંપર્ક ૯૮૨૫૩ ૪૪૯૪૪**

## DPS Surat પરિવારે રમતવીર વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા




ડુમસ રોડ પર સાયલન્ટ ઝોન ખાતે આવેલી દિલ્હી પબ્લિક સ્કૂલ સુરત ખાતે વીતેલા પખવાડિયે શાળામાં પ્રતિનિધિત્વ કરીને જુદીજુદી સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ માં વિજેતા થયેલા વર્ષ ૨૦૧૬-૧૭ રમતવીરો સન્માન કરવાનો એક શાનદાર કાર્યક્રમ સંકુલના ઓડિટોરિયમ ખાતે યોજવામાં આવ્યો હતો પ્રસ્તુત તસ્વીર ડીપીએસ સુરતના જુદીજુદી સિધ્ધિઓને વરેલ આ રમતવીર વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની છે. આ રમતવીરોએ સ્કુલ લેવલ, ડિસ્ટ્રીક્ટ લેવલ, સ્ટેટ લેવલ તેમજ નેશનલ લેવલની સ્પર્ધાઓમાં શાળાનું નામ રોશન કર્યું છે.

## ઉકા તરસાડીયાએ સંસ્થાને બેઠી કરવામાં તન, મન અને ધનથી યોગદાન આપનારા દાતાશ્રીઓનું ઉષ્માસભર બહુમાન કર્યું





ઉકા તરસાડીયા યુનિવર્સિટી ની ફાર્મસી કોલેજના ઓડિટોરિયમ ખાતે યોજાયેલા એક ખાસ કાર્યક્રમમાં માલીબા કેમ્પસ, ઉકા તરસાડીયા યુનિવર્સિટી તેમજ તેની કોલેજો તેમજ સંસ્થાઓને ઉભી કરવામાં તન મન અને ધનથી પોતાનું યોગદાન આપનારા દાતાઓનું જાહેર આપી વાદન કરવાનું એક શાનદાર અને સાદગીપૂર્ણ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન કર્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાને બેઠી કરવામાં અમુલ્ય ફાળો આપનાર દાતાઓની બહુમાન કરવામાં આવ્યા હતા.

## ગજેરા ઇન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓએ વર્કિંગ મોડેલ બનાવીને વિજ્ઞાનના પાઠ શીખ્યા



ગજેરા ઈન્ટરનેશનલ સ્કૂલ કતારગામ ખાતે વીતેલા પખવાડિયા દરમિયાન ણૂશ્રચણુ એક્ટિવિટીના ભાગરુપે શાળાના માધ્યમિક કક્ષા ના વિદ્યાર્થીઓ માટે ઈલેક્ટ્રોનિક મોડેલ એક્ટીવીટીઝ નું આયોજન કરવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓએ જુદાજુદા ઈલેક્ટ્રોનિક અને ઈલેક્ટ્રિકલ ઉપકરણોને વર્કિંગ મોડેલ ના સ્વરૂપમાં પ્રદર્શિત કરી પ્રેક્ટીકલ જ્ઞાન મેળવ્યું હતું

## અગ્રવાલ વિદ્યાવિહારમાં પી.ટી.એ.ના ઉપક્રમે શિક્ષક સન્માન સમારોહ યોજાયો




અગ્રવાલ વિદ્યા વિહાર સ્કૂલમાં પેરેન્ટ ટીચર્સ એસોસિએશનના ઉપક્રમે કઈ તારીખ ૧૧મી સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિન નિમિત્તે ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં પેરેન્ટસ એસોસિએશન ના હોદ્દેદારો શાળાના શિક્ષકો આપની ઉપસ્થિતિ વચ્ચે શાળામાં શિક્ષકોનું મોમેન્ટો આપી ને બહુમાન કરવામાં આવ્યું હતું શાળાના શિક્ષકોની સેવાઓને બિરદાવવામાં આવી હતી કાર્યક્રમમાં સંસ્થાના ડાયરેક્ટર શ્રી માલવીય સાહેબ પણ ખાસ પસ્થિત રહયા હતા.

# ચાલુ વર્ષથી આ કોર્સ-બ્રાન્ચ બંધ થયા!

| | | | | |
|---|---|---|---|---|
| A. Y. DADABHAI TECHNICAL INSTITUTE | SURAT | GTU | DIPLOMA | EC Branch |
| AARYA-VEER COLLEGE OF ENGG.&TECHRAJKOT | RAJKOT | GTU | UNDER GRADUATE | AUTOMOBILE ENGG. |
| AARYA-VEER COLLEGE OF ENGG.&TECHRAJKOT | RAJKOT | GTU | UNDER GRADUATE | ELECTRICAL ENGG. |
| ADANI INSTI OF INFRASTRUCTURE MANAGEMENT | AHMEDABAD | None | P.G. DIPLOMA | EXECU P.G. DIP IN MANGMENT |
| (INFRASTRUCTURE MANAGEMENT) | | | | |
| ARPIT INSTITUTE OF ENGG. AND TECH. DIPLOMA | RAJKOT | GTU | DIPLOMA | MECHANICAL ENGG. |
| ARPIT INSTITUTE OF ENGG. AND TECH. DIPLOMA | RAJKOT | GTU | DIPLOMA | CIVIL ENGG. |
| ATMIYA INSTITUTE OF TECH. SCIENCE ENGG. | RAJKOT | GTU | MCA 2nd Year Direct | MCA |
| ATMIYA INSTITUTE OF TECH. SCIENCE ENGG. | RAJKOT | GTU | POST GRADUATE | MCA |
| C. U. SHAH COLLEGE OF ENGG.&TECH | SUREND'GAR | GTU | UNDER GRADUATE | ELECTRICAL & ELECTRO ENGG. |
| C. U. SHAH COLLEGE OF PHARMACY RESEARCH | SUREND'GAR | GTU | POST GRADUATE | PHARMACOLOGY |
| C. U. SHAH COLLEGE OF PHARMACY RESEARCH | SUREND'GAR | GTU | POST GRADUATE | PHARMACEUTICAL ANALYSIS |
| C. U. SHAH COLLEGE OF PHARMACY RESEARCH | SUREND'GAR | GTU | POST GRADUATE | PHARMACEUTICAL TECH. |
| CHRIST POLYTECHNIC INSTITUTE | RAJKOT | GTU | DIPLOMA | COMPUTER ENGG. |
| CHRIST POLYTECHNIC INSTITUTE | RAJKOT | GTU | DIPLOMA | EC Branch |
| CHRIST POLYTECHNIC INSTITUTE | RAJKOT | GTU | DIPLOMA | INSTRUMENTATION & CONTROL |
| DR. JIVRAJ MEHTA INSTITUTE OF TECH. | ANAND | GTU | UNDER GRADUATE | EC Branch |
| K.B.INTITUTE OF PHARMACEUTICAL EDU & RES | GANDHINAGAR | Kadi | P.G. | PHARMACOLOGY |
| MERCHANT ENGG. COLLEGE | MEHSANA | GTU | POST GRADUATE | ELECTRICAL ENGG. |
| MERCHANT INSTITUTE OF TECH. | MEHSANA | GTU | UNDER GRADUATE | MECHANICAL ENGG. |
| MICA | AHMEDABAD | None | P.G DIPLOMA | P.G. DIP IN MANGMENT (EXECU) |
| RK UNIVERSITY SCHOOL OF DIPLOMA STUDIES | RAJKOT | GTU | DIPLOMA | ELECTRICAL ENGG. |
| RK UNIVERSITY SCHOOL OF DIPLOMA STUDIES | RAJKOT | GTU | DIPLOMA | CIVIL ENGG. |
| RK UNIVERSITY SCHOOL OF ENGG. | RAJKOT | GTU | POST GRADUATE | MASTERS IN BUSINESS ADMI |
| SANKALCHAND PATEL COLLEGE OF ENGG. | MEHSANA | GTU | UNDER GRADUATE | CIVIL ENGG. |
| SHRI JAIRAMBHAI PATEL INSTI OF B.M & COM APP | GANDHINAGAR | GTU | POST GRADUATE | MCA |
| SIGMA INSTITUTE OF PHARMACY | VADODARA | GTU | POST GRADUATE | PHARMACEUTICAL TECH. |
| SIGMA INSTITUTE OF PHARMACY | VADODARA | GTU | POST GRADUATE | QUALITY ASSU. TECHNIQUES |
| SIGMA INSTITUTE OF TECH. ENGG. POLYTECHNIC | VADODARA | GTU | DIPLOMA | EC Branch |
| SIGMA POLYTECHNIC | VADODARA | GTU | DIPLOMA | EC Branch |
| SIGMA POLYTECHNIC | VADODARA | GTU | DIPLOMA | COMPUTER ENGG. |
| VADODARA INSTITUTE OF ENGG. | VADODARA | GTU | UNDER GRADUATE | ELECTRICAL ENGG. |

# તોતિંગ ફી વધારાને પગલે આર્કિટેક્ચરમાં ૫૦૦ સીટ્સ ખાલી રહી

આર્કિટેકચરમાં પ્રવેશ માટેની કાર્યવાહી પૂર્ણ થઇ ચુકી છે. પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરાયેલી વિગતો પ્રમાણે જુદી જુદી કોલેજોની ૫૨૩ બેઠકો ખાલી પડી હતી. એક સમયે પ્રવેશ માટે વિદ્યાર્થીઓનો ભારે ધસારો રહેતો હતો તેવી આર્કિટેકચરની બેઠકો ખાલી પડતાં એક જ વર્ષમાં આર્કિચેકચરનો ક્રેઝ ઓછો થઇ ગયો હોવાનુ પ્રસ્થાપિત થયુ છે. જયારે કોલેજોએ કરેલા તોતિંગ ફી વધારાના કારણે બેઠકો ખાલી પડી હોવાનું પ્રવેશ સમિતિના સૂત્રો માને છે.

રાજયમાં બેત્રણ વર્ષ પહેલા આર્કિટેકની માત્ર ગણતરીની કોલેજો હતી. જેના કારણે પ્રવેશ માટે ધસારો રહેતો હતો. છેલ્લા બે વર્ષમાં આર્કિટેકચરમાં પ્રવેશ માટે વધુને વધુ વિદ્યાર્થીઓ પ્રયાસ કરતાં હતા. જેના કારણે ગતવર્ષે અનેક વિદ્યાર્થીઓએ પ્રવેશ વંચિત રહેવુ પડયુ હતુ. સૂત્રો કહે છે આર્કિટેકચરમાં ધસારો છે તેવુ બહાર આવતાં જ અનેક સંચાલકોએ આર્કિટેક કોલેજની મંજૂરી માટે અરજીઓ કરી દીધી હતી. જેના કારણે છેલ્લા બે વર્ષમાં કોલેજોને આંકડો ૩૦થી વધી ગયો હતો. એક સમયે ગણતરીની બેઠકો હતી તેમાં ચાલુ વર્ષે૧૬૮૦ બેઠકો માટે પ્રવેશ સમિતિ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

તમામ આર્કિટેક કોલેજોમાં જે ફી હતી તે ડબલ કરી દેવામાં આવી છે. જેના કારણે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવતાં અટકી ગયા છે. ચાલુ વર્ષે સેપ્ટ , નિરમા અને પીડીપીયુ જેવી કોલેજોએ તો પોતાની ફીમાં ૧૦૦ ટકાનો વધારો માગ્યો છે. આર્કિટેકમાં પ્રવેશ લેવામાં આવે તો ૧ લાખથી લઇને ૫ લાખ રૂપિયા સુધીની ફી ભરવાની થતી હોવાથી વિદ્યાર્થીઓ પ્રવેશ લેતાં અટકી રહ્યા છે. સૂત્રો કહે છે સેપ્ટ, એમ.એસ.યુનિ., નિરમા યુનિવર્સિટી વગેરેની આર્કિટેકચરની બેઠકો ખાલી પડી છે. સ્વનિર્ભર કોલેજોની મેનેજમેન્ટ કવોટાની તો મોટાભાગની એટલે કે ૨૯૧ જેટલી બેઠકો ખાલી પડી છે.

# સાર્વજનિક સોસાયટી દ્વારા જી.બી. શાહને સાંદીપનિ ઋષિ આજીવન શિક્ષણ એવોર્ડ અપાયો



સાર્વજનિક એજયુકેશન સોસાયટી દ્વારા પ્રતિવર્ષ શિક્ષક દિન નિમિત્તે અપાતા સાંદીપનિ ઋષિ આજીવન શિક્ષક એવોર્ડ, સાર્વજનિક શિક્ષણ રત્ન એવોર્ડ અને સાર્વજનિક વિડ્યાસાધક એવોર્ડ પ્રદાન સમારંભ બુધવાર, તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ પી.ટી. સાર્વજનિક સાયન્સ કોલેજના તારમોતી હોલમાં યોજાયો હતો. આ સમારોહના પ્રમુખ રૂપે શ્રી રજનીકાંત મારફતિયા (દ્વિતીય ઉપપ્રમુખશ્રી, સાર્વજનિક એજયુકેશન સોસાયટી), મુખ્ય મહેમાન રૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુપ્તા અને અતિથિવિશેષ રૂપે પ્રતિષ્જિત ધારાશા સ્ત્રી અને સામાજિક કાર્યકર્તા શ્રી આઈ. જે. દેસાઈ હતાં.

આ પ્રસંગે ગૌરવવંતો નવમો સાંદીપનિ ઋષિ એવોર્ડ સર કે.પી.કોલેજ ઓફ કોમર્સના પૂર્વ આચાર્ય શ્રી ગોવિંદલાલ બી. શાહને અપાયો હતો. સંદીપની ઋષિ એવોર્ડ મેળવનાર પૂર્વ આચાર્યશ્રી ગોવિંદલાલ બી. શાહે કે.પી. કોમર્સ કોલેજના અધ્યાપનઆચાર્ય પદના સમયને પોતાના જીવનના શ્રેષ્ઠ વર્ષો રૂપે વર્ણવ્યા હતાં. આ સમારોહમાં સ્વાગત પ્રવચન સોસાયટીના અધ્યક્ષ શ્રી યતીશ સી. પારેખે કર્યું હતું.

## સાર્વજનિક સોસાયટીના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ પણ સન્માનિત

તે જ રીતે શિક્ષણ અને ઈતરપ્રવૃત્તિનો સુમેળ કરતાં હાઈસ્કૂલ્સના શ્રેષ્ઠ આઠ વિદ્યાર્થીઓનું પણ સાર્વજનિક વિદ્યાસાધક એવોર્ડ દ્વારા સન્માન કરાયું હતું.જેમાં તન્ના શિખા કલ્પેશભાઈ (ટી.એન્ડટી.વી.સાર્વજનિક હાઈસ્કૂલ, નાનપુરા), રાણા દિવ્યેશ ભરતભાઈ (ટી.એન્ડટી.વી. સાર્વજનિક વિદ્યાલય, ગોપીપુરા), જરીવાલા રોમા કિરીટકુમાર (ખાંડવાલા સાર્વજનિક ગર્લ્સ હાઈસ્કૂલ), શાહ નયસાર રવીન્દ્રભાઈ (પુણાવાલા એક્સ્પેરીમેન્ટલ હાઈસ્કૂલ), આરીવાલા કેવિન હરીશચંદ્ર (વી.ટી. ચોકસી સાર્વજનિક હાઈસ્કૂલ, હરીપુરા), ગામીત સ્વાતિબેન ગોવિંદભાઈ (સનફલાવર હાઈસ્કૂલ, કૃભકો), દેસાઈ પ્રિયલ પુરવભાઈ (સી. સી. શાહ સાર્વજનિક ઈંગ્લીશ હાઈસ્કૂલ), પારેખ ખુશી હિતેન્દ્રકુમાર (કડીવાલા એન્ડ બુનકી સાર્વજનિક હાઈસ્કૂલ)નો સમાવેશ થતો હતો.

કોલેજ કક્ષાના વિદ્યાસાધક એવોર્ડ દ્વારા આઠ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. જેમાં પટેલ કિંજલ બેન રમેશભાઈ (વી.ટી.ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન), જોષી સચિન ભરતભાઈ (વી.ટી.ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ લો), મેમણ ખાનસા રીયાઝ (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ - બી.કોમ. ઓનર્સ), કપૂર ઐશ્વર્યા અખિલકુમાર (સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી), ભાલાળા હિરલબેન બકુલભાઈ (એસ.પી.બી.ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ), પાંખડીવાલા રિદ્ધિબેન દિલીપભાઈ (સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટસ), સોજીત્રા હરેશ્વરીબેન કિશોરભાઈ (સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ) અને સોનવણે ચિંતન કિશોરભાઈ (એમ.ટી.બી. આર્ટસ કોલેજ)નો સમાવેશ થતો હતો.

રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર ત્રણ વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરાયું હતું, જેમાં ધામી ત્વિષા સંજયકુમાર અને બોરકર પાયલ દીપકભાઈ (બંને, એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ) અને યાદવ ધીરજ રાજેશભાઈ (ટી.એન્ડટી.વી. સાર્વજનિક હાઈસ્કૂલ, નાનપુરા)નો સમાવેશ થતો હતો.

## સાર્વજનિક સોસાયટી સાથે સંકળાયેલા અન્ય ૧૦ શિક્ષકોનું બહુમાન

શિક્ષણ અને ઈતરપ્રવૃત્તિનો સુમેળ કરતાં પ્રાઈમરી સ્કૂલ્સના શ્રેષ્ઠ દસ વિદ્યાર્થીઓનું સાર્વજનિક વિદ્યાસાધક એવોર્ડ દ્વારા સન્માન કરાયું હતું. જેમાં શાહ અદિતી અક્ષયકુમાર (પુણાવાલા એક્સ્પેરીમેન્ટલ સ્કૂલ), શ્રોફ યાક્ષી કેતનભાઈ (સી.સી. શાહ ઈંગ્લીશ સ્કૂલ), મહેતા અનેરી રાકેશભાઈ (સી.સી. શાહ ઈંગ્લીશ સ્કૂલ), પંડયા જય દીપકકુમાર (ટી.એન્ડટી.વી. સાર્વજનિક હાઈસ્કૂલ, નાનપુરા), પરમાર કાજલ વિનોદભાઈ (ખાંડવાળા ગર્લ્સ સ્કૂલ), પટેલ યશ ભરતભાઈ (વી.ટી. ચોકસી હરીપુરા સાર્વજનિક હાઈસ્કૂલ), પટેલ પાર્થ ઈશ્વરભાઈ (કડીવાલા એન્ડ બુનકી સાર્વજનિક સ્કૂલ), પટેલ હર્ષિક હેતલભાઈ (ટી.એન્ડટી.વી. સાર્વજનિક વિદ્યાલય, ગોપીપુરા), રાખશીયા દીપાશા જયંતકુમાર (સનફલાવર સ્કૂલ, કૃભકો) અને શેખ મો.અલી ગુલામ અબ્બાસ (જે.સી. મુન્શી સાર્વજનિક સ્કૂલ)નો સમાવેશ થતો હતો.

## ત્રણ અધ્યાપકો પરણ સન્માનિત

શિક્ષકો દ્વારા કરાયેલા વિશિષ્ઠ પ્રદાનને ધ્યાને લઈને ત્રણ અધ્યાપકોનું સાર્વજનિક શિક્ષણ રત્ન એવોર્ડ ડૉ. હીના સુનીલ ઓઝા (એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ), વ્યાસ નિયતી જયંતભાઈ (સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટસ) અને ઠક્કર વિરેશકુમાર હિંમતલાલ (સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ)ને એનાયત થયાં હતાં.

# અમરોલી કોલેજ પરિવારે પ્રધાનમંત્રીનું સ્વામી વિવેકાનંદ પરનું વક્તવ્ય સાંભળ્યું



ગઈ તારીખ ૧૧મી સપ્ટેમ્બરના રોજ શિકાગો ખાતે સ્વામી વિવેકાનંદ દ્વારા આપવામાં આવેલા ઐતિહાસિક પાષાણની ૧૨૫ મી જન્મજયંતિ ના ઉપક્રમે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે દેશના ̎ હાર યુવાનોને કરવામાં આવેલા ઉદબોધનનો જીવંત પ્રસારણ શહેરની અમરોલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ના ઓડિટોરિયમ ખાતે દર્શાવવામાં આવ્યું હતું આ કાર્યક્રમ કોલેજના આચાર્ય શ્રી ડો.કે.એન. ચાવડા તેમજ અધ્યાપકોની ઉપસ્થિતિમાં કોલેજના યુવકયુવતીઓએ નિહાળ્યો હતો.

# ઉકા તરસાડીયા યુનિવર્સિટીમાં ફ્રેશર્સ માટે સ્કીલ ડેવલપેન્ટ કાર્યક્રમનું આયોજન



સુરત બારડોલી રોડ પર આવેલી ઉકા તરસાડીયા યુનિવર્સિટી માં કાર્યરત જુદીજુદી કોલેજોના પહેલા વર્ષમાં ચાલુ વર્ષે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે કમ્યુનિકેશન સ્કીલ ઇમ્પ્રૂવમેન્ટ ના ભાગરૂપે એક અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ભણતરમાં જ નહિ પરંતુ જીવનભર ઉપયોગી નીવડે એવી કમ્યૂનિકેશન સ્કિલ અંગે મહત્વનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# શોટ રેસ્ટોરેન્ટ અને અન્ય સહયોગી સંસ્થાઓએ ટીચર્સ સન્માન સમારોહ યોજ્યો




ડુમસ રોડ પર આવેલી શોટ રેસ્ટોરેન્ટ, હાયર સ્કુલ, પ્રાઇમેક્સ મીડિયા કંપની વગેરે સંસ્થા દ્વારા ડો સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મ દિન એટલે કે શિક્ષક દિન નિમિત્તે ડો.સર્વપલ્લી રાધાક્રિષ્નન એજયુકેશન એક્સિલેન્સ ઈન એવોર્ડ કાર્યક્રમનું આયોજન રાહુલ રાજ મોલ ખાતે યોજવામાં આવ્યું હતું જેમાં વયોવૃદ્ધ મહિલા શિક્ષિકા નું બહુમાન કરતા અગ્રણી આયોજકો દૃશ્યમાન છે.

# એસ્સાર ઇન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓઓ અવનવા પ્રોજેક્ટ બનાવ્યા



શહેરના હજીરા વિસ્તારમાં આવેલી એસ્સાર ઇન્ટરનેશનલ સ્કુલમાં વીતેલા પખવાડિયા દરમિયાન કોકરિકયુલર એકટિવિટિઝ હાજરી ના ભાગરૂપે જુદીજુદી પ્રયોગાત્મક રચનાઓનું પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું હતું આ પ્રદર્શનમાં એસ્સાર ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ એક-એક થી ચઢીયાતા પ્રોજેક્ટ્સ વર્કિંગ મોડેલ જુદા જુદા અવેરનેસ પ્રોજેક્ટસને અસરકારક રીતે ડિસ્પ્લે કર્યા હતા. વિદ્યાર્થીઓનું કાર્ય જોઈને સંસ્થાના સંચાલકો શિક્ષકો તેમજ મુલાકાતી વાલીઓએ તેમને બિરદાવ્યા હતા.

# વિશ્વની ટોપ-૧૦૦ યુનિવર્સિટીઓની યાદી

| Rank | Name | Overall | Teaching | Research | Citations | Ind'stry Income | Int'nl Outlook |
|---|---|---|---|---|---|---|---|
| 1 | University of Oxford United Kingdom | 94.3 | 86.7 | 99.5 | 99.1 | 63.7 | 95 |
| 2 | University of Cambridge United Kingdom | 93.2 | 87.8 | 97.8 | 97.5 | 51.5 | 93 |
| 3 | California Insti of Techno United States | 93 | 90.3 | 97.5 | 99.5 | 92.6 | 59.7 |
| 3 | Stanford University United States | 93 | 89.1 | 96.7 | 99.9 | 60.5 | 77.6 |
| 5 | Massachusetts Insti of Techno United States | 92.5 | 87.3 | 91.9 | 100 | 88.4 | 87.6 |
| 6 | Harvard University United States | 91.8 | 84.2 | 98.4 | 99.7 | 46.4 | 79.7 |
| 7 | Princeton University United States | 91.1 | 85.7 | 93.9 | 99.6 | 58 | 78.7 |
| 8 | Imperial College London United Kingdom | 89.2 | 81.7 | 88.7 | 96.7 | 71.6 | 96.6 |
| 9 | University of Chicago United States | 88.6 | 85.3 | 90.1 | 99.4 | 39.8 | 69.6 |
| 10 | ETH Zurich – Swiss Federal Insti Switzerland | 87.7 | 76.4 | 92 | 94.3 | 60.3 | 98.1 |
| 10 | University of Pennsylvania United States | 87.7 | 83.7 | 90.1 | 98.5 | 56.9 | 61.3 |
| 12 | Yale University United States | 87.6 | 86.7 | 87 | 98.4 | 45.1 | 64.6 |
| 13 | Johns Hopkins University United States | 86.5 | 76.1 | 88.1 | 98.4 | 95.8 | 70.6 |
| 14 | Columbia University United States | 86 | 82.2 | 83.3 | 98.8 | 41.3 | 76.6 |
| 15 | University of California, Los Angeles, United States | 85.7 | 80.7 | 88.1 | 97.9 | 48.6 | 59.5 |
| 16 | University College London United Kingdom | 85.3 | 74.4 | 88.2 | 94.6 | 41.2 | 94.6 |
| 17 | Duke University United States | 85.1 | 80.7 | 80.6 | 98.3 | 100 | 62.5 |
| 18 | University of California, Berkeley United States | 84.3 | 77.4 | 84.5 | 99.8 | 37.5 | 64.5 |
| 19 | Cornell University United States | 84.2 | 76.2 | 86.6 | 97.6 | 34.6 | 69.2 |
| 20 | Northwestern University United States | 83.3 | 72.6 | 86.7 | 96.9 | 78.2 | 59.2 |
| 21 | University of Michigan United States | 83.1 | 77.2 | 86.3 | 95.7 | 46.2 | 55.8 |
| 22 | National University of Singapore Singapore | 82.8 | 77.4 | 88.2 | 81.3 | 61.9 | 95.8 |
| 22 | University of Toronto Canada | 82.8 | 74.6 | 84.8 | 92.6 | 46.5 | 80.1 |
| 24 | Carnegie Mellon University United States | 81.9 | 65.8 | 83.7 | 99.7 | 50.4 | 79.1 |
| 25 | London School of Economics & Political Sci, United Kingdom | 79.4 | 71.8 | 72 | 94.9 | 33.7 | 92.2 |
| 25 | University of Washington United States | 79.4 | 67.9 | 79.9 | 99 | 47.3 | 56.5 |
| 27 | University of Edinburgh United Kingdom | 79.2 | 66.8 | 74.2 | 97 | 36.3 | 92 |
| 27 | New York University United States | 79.2 | 73.7 | 77.4 | 96.5 | 37 | 53.4 |
| 27 | Peking University China | 79.2 | 83 | 85.1 | 74.2 | 100 | 53 |
| 30 | Tsinghua University China | 79 | 80.2 | 93.2 | 71.4 | 99.8 | 41 |
| 31 | University of California, San Diego, United States | 78.7 | 62.9 | 79.8 | 98.6 | 96.5 | 51.9 |
| 32 | University of Melbourne Australia | 77.5 | 64.9 | 74.2 | 90.3 | 70.1 | 92.7 |
| 33 | Georgia Insti of Techno United States | 77 | 59.7 | 78.9 | 94.3 | 60.2 | 75 |
| 34 | University of British Columbia Canada | 76.2 | 61.8 | 72.2 | 93.4 | 42.6 | 92.2 |
| 34 | LMU Munich Germany | 76.2 | 65.4 | 72.3 | 91.3 | 100 | 66.3 |
| 36 | King's College London United Kingdom | 75.6 | 59.3 | 71.2 | 94.4 | 43.9 | 94.5 |
| 37 | University of Illinois at Urbana-Champaign, United States | 75.4 | 65.8 | 78.9 | 88.9 | 56 | 52.8 |
| 38 | École Polytechnique Fédérale de Lausanne, Switzerland | 75.3 | 58.8 | 66.8 | 94.2 | 76 | 98.7 |
| 38 | Karolinska Insti Sweden | 75.3 | 57 | 74.4 | 95.9 | 71.4 | 70.3 |
| 40 | University of Hong Kong Hong Kong | 75.1 | 68.8 | 77.9 | 74.2 | 54 | 99.5 |
| 41 | Technical University of Munich Germany | 73.5 | 60.3 | 71.2 | 88.4 | 100 | 66.8 |
| 42 | McGill University Canada | 73.2 | 63.4 | 70.8 | 84.7 | 39.8 | 87.5 |
| 43 | University of Wisconsin-Madison United States | 73.1 | 68.4 | 73.9 | 86.5 | 45.8 | 43.4 |
| 44 | Hong Kong University of Sci & Tech, Hong Kong | 72.7 | 55.2 | 68.4 | 93.1 | 58.1 | 83.4 |
| 45 | Heidelberg University Germany | 72.3 | 63.6 | 62.2 | 94.2 | 56 | 64.7 |
| 46 | University of Tokyo Japan | 72.2 | 79.5 | 85.2 | 63.7 | 52.7 | 32.2 |
| 47 | KU Leuven Belgium | 71.8 | 54.2 | 70.9 | 88.7 | 99.9 | 68.3 |
| 48 | Australian National University Australia | 71.6 | 52.7 | 72 | 85.5 | 61.1 | 94.3 |
| 49 | University of Texas at Austin United States | 71.4 | 60.9 | 68.3 | 95.7 | 48.2 | 36.7 |
| 50 | Brown University United States | 70.8 | 63.8 | 57.9 | 96.7 | 34.1 | 59 |
| 50 | Washington University in St Louis, United States | 70.8 | 60.8 | 59.7 | 99.4 | 36.9 | 52.1 |
| 52 | Nanyang Technological Uni. Singapore | 70.5 | 49.5 | 63 | 90.7 | 94 | 95.9 |
| 53 | University of California, Santa Barbara, United States | 70 | 50 | 61.5 | 98.8 | 82 | 65.4 |
| 54 | University of California, Davis United States | 69.5 | 60.9 | 64.5 | 86 | 53.4 | 63.7 |
| 54 | University of Manchester United Kingdom | 69.5 | 56.3 | 65.3 | 84.3 | 44.1 | 88.7 |
| 56 | University of Minnesota United States | 69 | 57.6 | 67.9 | 87.5 | 90.4 | 37.7 |
| 56 | University of North Carolina at Chapel Hill, United States | 69 | 57.9 | 61.8 | 96.7 | 39.2 | 41.5 |
| 58 | Chinese University of Ho.Kong Hong Kong | 68.5 | 57 | 64.4 | 80.6 | 56.8 | 86.6 |
| 59 | University of Amsterdam Netherlands | 68.4 | 51.3 | 62.6 | 91.9 | 49.9 | 72.2 |
| 60 | Purdue University United States | 68.2 | 62.3 | 68.9 | 73.4 | 63.5 | 69.9 |
| 61 | University of Sydney Australia | 67.8 | 50.2 | 63.1 | 85.9 | 67.9 | 84.6 |
| 62 | Humboldt University of Berlin Germany | 67.4 | 61.9 | 67.1 | 76.1 | 38.6 | 65.6 |
| 63 | Delft University of Techno Netherlands | 67.3 | 53.4 | 72 | 68.5 | 99.8 | 88.5 |
| 64 | Wageningen University & Research, Netherlands | 67.2 | 46.6 | 53.6 | 95.2 | 100 | 80.6 |
| 65 | University of Queensland Australia | 67 | 47.6 | 59.4 | 87.8 | 76.2 | 88.8 |
| 66 | University of Southern California United States | 66.8 | 49.8 | 58.4 | 95.6 | 37.9 | 63 |
| 67 | Leiden University Netherlands | 66 | 44.6 | 63.2 | 87.8 | 78.8 | 70.5 |
| 68 | Utrecht University Netherlands | 65.8 | 45.5 | 63.1 | 89.9 | 72.6 | 59.6 |
| 69 | University of Maryland, College Park, United States | 65.7 | 49.6 | 63 | 93.5 | 38.4 | 39 |
| 70 | Boston University United States | 65.4 | 57.1 | 45.9 | 97.2 | 34 | 60 |
| 70 | Ohio State University United States | 65.4 | 55.5 | 56.2 | 88 | 52 | 56.4 |
| 72 | Erasmus University Rotterdam Netherlands | 65.2 | 38.9 | 57.2 | 96.7 | 51.7 | 80.6 |
| 72 | Paris Sciences et Lettres – PSL Research Uni. France | 65.2 | 57 | 52 | 85 | 48.2 | 76.7 |
| 74 | Kyoto University Japan | 64.9 | 71.8 | 78.6 | 50.9 | 93.8 | 28.8 |
| 74 | Seoul National University South Korea | 64.9 | 69.3 | 71.2 | 60.6 | 79.8 | 34.1 |
| 76 | University of Bristol United Kingdom | 64.8 | 45.7 | 51.2 | 94.7 | 39.3 | 84.8 |
| 77 | Pennsylvania State University United States | 64.6 | 53.6 | 64.8 | 81.6 | 50 | 44.3 |
| 78 | McMaster University Canada | 63.4 | 45.6 | 48.8 | 89.9 | 89.8 | 78.1 |
| 79 | RWTH Aachen University Germany | 63.3 | 53.4 | 62.4 | 72.8 | 99.7 | 56.4 |
| 80 | University of Glasgow | 63.2 | 43.4 | 48.9 | 92.6 | 38.6 | 90.4 |

# વિશ્વની ટોપ-૧૦૦ યુનિવર્સિટીઓની યાદી

| Rank | Name | Overall | Teaching | Research | Citations | Ind'stry Income | Int'nl Outlook |
|---|---|---|---|---|---|---|---|
| | United Kingdom | | | | | | |
| 80 | Monash University Australia | 63.2 | 47.4 | 55.4 | 80.9 | 71.5 | 83.8 |
| 82 | University of Freiburg Germany | 62.9 | 47.1 | 54.3 | 83.1 | 100 | 67.2 |
| 83 | University of Groningen Netherlands | 62.8 | 40.7 | 54.8 | 89 | 77.2 | 74.4 |
| 83 | Michigan State University United States | 62.8 | 55.1 | 53.3 | 82.6 | 35.7 | 61.2 |
| 85 | University of New South Wales Australia | 62.5 | 40.9 | 57.5 | 82.8 | 49.8 | 91.4 |
| 86 | Rice University United States | 62.2 | 45.1 | 41.9 | 98.7 | 42.4 | 72.7 |
| 86 | Uppsala University Sweden | 62.2 | 42.9 | 56.1 | 84.6 | 79.5 | 68.8 |
| 88 | Free University of Berlin Germany | 62.1 | 58.7 | 66.5 | 60.6 | 39.8 | 71.8 |
| 89 | Dartmouth College United States | 62 | 58.5 | 41.9 | 93.4 | 37.9 | 39.1 |
| 90 | University of Helsinki Finland | 61.7 | 45.7 | 56.6 | 86.9 | 35.5 | 53.3 |
| 91 | University of Warwick United Kingdom | 61.6 | 46.6 | 52 | 80.4 | 41 | 91.9 |
| 92 | Technical University of Berlin Germany | 61.5 | 49 | 58 | 74.2 | 97.8 | 62.4 |
| 93 | Lund University Sweden | 61.3 | 40.8 | 52.6 | 85.9 | 70.9 | 76.1 |
| 94 | University of Tübingen Germany | 61.2 | 45.7 | 55.4 | 83 | 55.4 | 60.8 |
| 95 | University of Basel Switzerland | 60.9 | 39.8 | 39.9 | 91 | 99.9 | 95.9 |
| 95 | Korea Advanc Insti of Sci & TechKAIST, South Korea | 60.9 | 56.3 | 59.2 | 70.4 | 100 | 35.6 |
| 97 | Durham University United Kingdom | 60.8 | 44.8 | 47.9 | 84.6 | 36.8 | 89 |
| 98 | Emory University United States | 60.7 | 47.1 | 40.4 | 98.1 | 42.3 | 53.3 |
| 99 | University of California, Irvine United States | 60.6 | 43.4 | 44.9 | 93.6 | 43.9 | 65.2 |
| 100 | University of Bonn Germany | 60.5 | 47.3 | 41.6 | 91.3 | 83.5 | 58.4 |

# પ્રેસિડેન્સી પરિવારે પાંચ નિવૃત્ત શિક્ષિકાઓનું જાહેર અભિવાદન કર્યું



રાંદેર રોડ ખાતે આવેલી પ્રેસિડેન્સી સ્કુલમાં છેલ્લા ૨૧ વર્ષથી શિક્ષક દિન નિમિત્તે શહેરના વિવિધ ક્ષેત્રમાંથી નિવૃત્ત થયેલા પાંચ શિક્ષકોનું સન્માન કરવાની પરંપરા આ વર્ષે પણ આગળ ધપાવતા ગઈ તા.૬ સપ્ટેમ્બરના રોજ શાળાના ઓડિટોરીયમ ખાતે યુનિ.ના પૂર્વ ડિપાર્ટમેન્ટ હેડ ડો. અશ્વિન દેસાઇના સાનિધ્યમાં યોજાયેલા બહુમાન સમારોહમાં ૧) નવયુગ કોલેજના પૂર્વ અધ્યાપિકા નયનાબેન ભગત, ગુરુકૂળ કન્યા વિદ્યાલયના નિવૃત આચાર્યા શ્રીમતી દર્શનાબેન દેસાઇ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા ક્રમાંક ૩૬ના નિવૃત્ત કેન્દ્રાચાર્ય શ્રીમતી દૌલતગીરી ગોસ્વામી, આર.એમ. પટેલ સાધના સ્કુલના નિવૃત શિક્ષિકા શ્રીમતી હેમાબેન નાયક તેમજ ભૂલકાભવન બાળ વિભાગ સ્કુલના નિવૃત્ત આચાર્યા શ્રીમતી અનસૂયાબેન દેસાઇએ જીવનભર શિક્ષણ ક્ષેત્રમાં આપેલી સેવાઓને બિરદાવીને તેમનું જાહેર અભિવાદન કર્યું હતું. આ કાર્યક્રમમાં વિતેલા વર્ષોમાં જે ગુરુજનોનું સન્માન કરાયું હતું તે પૈકી શ્રી નલીનભાઇ દેસાઇ, શ્રી હસમુખભાઇ પટેલ, શ્રીમતી મુક્તાબેન દાળિયા, પ્રિ. જે.એમ. નાયક, શ્રીમતી ઉષાબેન ચોક્સી, શ્રીમતી મંજુલાબેન, શ્રી ચંપકભાઇ, શ્રીમતી ઉષાબેન સિંગી અને શ્રીમતી ખુરશીદબેન પંથકીએ ઉપસ્થિત રહીને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સ્કુલના ટ્રસ્ટી શ્રી પ્રો.એન.એમ. કારીયા અને શ્રી હિતેન્દ્રભાઇ ચૂડાવાલાએ ગુરુજનોનું હાર્દિક અને શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી દિપીકાબેન શુક્લએ કર્યું હતું.

# ઉન્નતિ ઇંગ્લિશ એકેડેમીની એલિશાએ બેવડી સિદ્ધિ હાંસલ કરી

ઉમરા ગામતળ વિસ્તારમાં આવેલી ઉન્નતી ઇંગ્લિશ એકેડેમીની વિદ્યાર્થિની મૌલવી એલીશાએ બેવડી સિદ્ધિ હાંસલ કરતા શાળાનું નામ રોશન કર્યું છે. પહેલી સિદ્ધિ ડાયનેમિક વોરિયર કલબ આયોજિત કરાટે સ્પર્ધામાં ગોલ્ડ મેડલ તેમજ ટેકવાન્ડો ફેડરેશન આયોજિત રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યા છે. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નવીનભાઇ ઉમરીગર તેમજ શાળા પરિવારે એલિશા મૌલવીની સિદ્ધિઓને બિરદાવીને તેને શુભેચ્છા આપી છે.



# દિપદર્શન વિદ્યાસંકુલના વિદ્યાર્થીઓએ એથ્લેટિક્સમાં જુદી જુદી સિદ્ધિઓ મેળવી



શહેરના ડીંડોલી ખાતે આવેલા દિપદર્શન વિદ્યાસંકુલના માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ એથ્લેટિક્સની જુદી જુદી રમતોમાં તાલુકા કક્ષાએ મેળવેલી સિધ્ધિઓ બદલ શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ જોષી તેમજ શિક્ષકોએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. ખેલ મહાકુંભ તેમજ અન્ય શાળાકીય રમતોત્સવની અલગ અલગ રમતોમાં આ શાળાના વિદ્યાર્થીઓ ઝળકી રહ્યા છે.

# કામરેજ સ્થિત વિદ્યામંગલના વિદ્યાર્થીઓએ જિલ્લા સ્તરે ઓવરઓલ યોગ ચેમ્પિયનશીપ જીતી લીધી



કડવા પાટીદાર કેળવણી મંડલ દ્વારા સંચાલિત કામરેજ ખાતે આવેલી વિદ્યામંગલ નિવાસી શાળાના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભના ભાગરૂપે યોગ ચેમ્પિયનશીપમાં ભાગ લેતા ગયા પખવાડિયા ઉત્કૃષ્ઠ દેખાવ કરતા સુરત જિલ્લા કક્ષાની ઓવરઓલ ચેમ્પિયયનશીપ હાંસલ કરી લીધી હતી. વિદ્યામંગલ નિવાસી શાળાના યોગકર્તા વિદ્યાર્થીઓએ એક એકથી ચઢીયાતું પરફોર્મન્સ આપીને નિર્ણાયકોને પણ વિચારતા કરી દીધા હતા.

# મિલેનિયમ સ્કુલમાં પ્રેક્ટિક પ્રોજેક્ટસ

શહેરના નરથાણ રોડ પર આવેલી મિલેનિયમ સ્કુલમાં વિદ્યાર્થીઓને વિજ્ઞાન તેમજ ગણિતના જુદા જુદા પ્રયોગોનું મૌલિક જ્ઞાન મળી રહે તે માટે ખાસ પ્રોજેક્ટ વર્કશોપ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ઠંડા પીણા માટે ઉપયોગમાં લેવાતી સ્ટ્રો તેમજ અન્ય ચીજવસ્તુઓમાંથી સાયન્સ અને મેથ્સના કન્સેપ્ટને ચરિતાર્થ કરી બતાવ્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર આ પ્રોજેક્ટમાં ભાગ લઈને પોતાની પ્રતિભા દર્શાવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાથીઓએ ભાગ લીધો હતો.



કોઇપણ શૈક્ષણિક સંસ્થાના સમાચારો અહીં પ્રકાશિત થઇ શકે છે

સંપર્ક કરો ૯૮૨૫૩ ૪૪૯૪૪

email : shikshansarvada@gmail.com

its all about EDUCATION

FREE FOOD • FREE EDUCATION • FREE MEDICINE

# શિક્ષણ સર્વદા

# ૧૬ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૭

**શિક્ષણ સર્વદા બ્રાંચ ઓફિસ :** સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ટેલીફેક્સ : ૦૯૮૨૫૩-૪૪૯૪૪

## નવરાત્રિના શુભ મુહૂર્ત

તા.૨૧ સપ્ટેમ્બરથી શારદીય નવરાત્રિનો પ્રારંભ થઈ રહ્યો છે. આ વર્ષે અખંડ શારદીય નવરાત્રિ આવી છે એટલે કે વૃદ્ધિ તિથિ કે ભાગી તિથિ વગરની નવરાત્રિ આવી રહી છે. તેમાં પણ સવારે ૭.૫૦ પૂર્વે ઘટ સ્થાપન, જવારારોપણ અને

અખંડ જયોતની સ્થાપના માટે ઉત્તમ દિવસ છે. જયોતિષાચાર્ય શ્રી દવેએ જણાવ્યું કે આસો સુદ એકમ, ગુરુવારના રોજ શાસ્ત્રોક્ત મત અનુસાર આ દિવસે ઘટ સ્થાપન, જવારારોપણ અને અખંડ જયોતની સ્થાપના કરવામાં આવતી હોય છે, પરંતુ આ વર્ષે પ્રથમ નોરતે, એટલે કે બેસતા મહિને વૈદ્યૃતિ મહાપાત છે. જે સવારે ૭.૫૦થી ૧૩.૦૫ સુધી રહે છે. માટે આ સમયગાળા દરમિયાન કોઈ માંગલિક કાર્ય થઈ ન શકે. બીજી તરફ આસો સુદ એકમ, ૧૦.૩૬ સુધી જ રહે છે અને પછી બીજનો પ્રારંભ થાય છે. આ સ્થિતિમાં આસો સુદ એકમ, ગુરુવાર તા.૨૧મી સપ્ટેમ્બરના રોજ સવારે ૭.૫૦ પહેલાં અખંડ જયોતની સ્થાપના, જવારારોપણ, ઘટ સ્થાપન કરવું ઉત્તમ બની રહેશે.

તેમણે જણાવ્યું કે જયારે વિક્રમ સંવત૨૦૭૩ની શારદીય નવરાત્રિની વિશેષતા એ પણ રહે છે કે, આ નવરાત્રિ અખંડ છે. તેમાં વૃદ્ધિ તિથિ પણ નથી અને ભાગી તિથિ પણ નથી આવતી. ગત બે વર્ષમાં એટલે કે વિક્રમસંવત ૨૦૭૨ અને વિક્રમ સંવત ૨૦૭૧માં વૃદ્ધિ તિથિ આવતી હતી. જયારે વિક્રમ સંવત ૨૦૭૪ની શારદીય નવરાત્રિમાં ભાગી તિથિ આવે છે. એટલે કે વિક્રમ સંવત૨૦૭૩ની શારદીય નવરાત્રિ અખંડ બની રહે છે. તેમાં એક પણ નોરતું ઘટતું નથી અને વધતું પણ નથી. આ નવરાત્રિની બીજી એક વિશેષતા એ પણ છે કે નવરાત્રિની પૂર્ણાહુતિ માતાજીના વાર, શુક્રવારના રોજ થઈ રહી છે. નવમી તિથિ શુક્રવારે જ છે. અનેક શ્રદ્ધાળુઓ આ દિવસે ચંડીપાઠ, નવચંડી સહિતનાં આયોજન પણ કરતાં હોય છે. તેમણે જણાવ્યું કે આ નવરાત્રિ નવ દિવસીય અખંડ હોવાથી અખંડ જયોતની સ્થાપના કરવી પણ ઉત્તમ બની રહેશે. સાથે જ ઘરમાં ચંડીપાઠ કરાવવાથી પણ ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. વેપાર સ્થાને કરાવવાથી અથવા અખંડ જયોત રાખવાથી ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. આ દિવસો દરમિયાન માત્ર નવચંડી જ નહીં, શતચંડી અને સરસ્વતી યજ્ઞનું પણ ખાસ મહત્ત્વ છે અને તેનાં પણ અતિવિશિષ્ટ લાભ પ્રાપ્ત થતાં હોય છે. દશેરાએ અ સ્ત્રશ સ્ત્રની સાથે શમી પૂજન પણ થશે જયોતિષાચાર્ય શ્રી દવેએ જણાવ્યું કે સામાન્ય રીતે એવું કહેવામાં આવતું હોય છે કે વિજયાદશમીનો દિવસ એટલે અસ્ત્ર, શસ્ત્રપૂજનનો દિવસ. આ દિવસે અનેક લોકો પોતાના વાહનની પણ પૂજા કરતાં હોય છે અને નવા વાહનોની ખરીદી પણ કરતાં હોય છે. જોકે, આ દિવસનું ખાસ મહત્ત્વ એ પણ છે કે શમીવૃક્ષનું પૂજન કરવામાં આવે છે. ખાસ કરીને શનિ દેવની પણ જો કૃપા મેળવવી હોય તો શમી વૃક્ષનું પૂજન અને તેનું રોપણ પણ કરાવી શકાય છે. જે જાતકોને શનિની ખૂબ જ પીડા રહેતી હોય તેમણે આ વૃક્ષની નીચે બેસીને ઓમ્ શં શનૈશ્ચરાય નમઁ: મંત્રનો જાપ પણ કરી શકાય છે.

### શિક્ષકો પર વધારાના કામોથી અભ્યાસઘડતરનું કામ બાજુ પર રહી જાય છે

# સોશિયલ મીડિયાના જમાનામાં શિક્ષકનું કામ અત્યંત કઠિન બન્યું

શિક્ષક ક્યારેય સામાન્ય નથી હોતા,સમાજ ઘડતરમાં એક શિક્ષકની અમૂલ્ય ભૂમિકા હોય છે. એક વ્યક્તિના જીવનકાળમાં તે અનેક પ્રકારના લોકોને મળતો હોય છે, પરંતુ તેના માટે તેના શાળા અને કોલેજના શિક્ષકો અને અધ્યાપકો હંમેશા માટે પોતાના સંસ્મરણોમાં વણાયેલા રહે છે. આ જ બાબતને ધ્યાનમાં રાખીને કેટલાક યુવાનો શિક્ષક તરીકેની કારકિર્દી પસંદ કરતા હોય છે, પરંતુ તેમના માટે આજના સમયમાં શિક્ષક તરીકેની ફરજ સામે તેમની સામે અનેક પ્રકારના પડકારો આવે છે. આજે એક શિક્ષકને બાળકોના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે અન્ય અનેક જવાબદારીઓ અને ટેક્નિકલ કામો કરવાના આવે છે, જેમાં શિક્ષણનું મુખ્ય કામ ઘણી વખત પ્રાથમિકતામાંથી હટી જતું હોય છે. આવા સમયે શહરેના કેટલાક યુવા શિક્ષકો પોતાની સામે આવતા પડકારો અંગે વાત કરે છે.

વાલીઓએ સંતાનોને કરાવેલા લાડ શિક્ષકોને ભારે પડે છે આજે બાળકો વધુ ટેક્નોસેવી હોવાથી દરેક બાબતોથી અને સાંપ્રત પ્રવાહોથી વાકેફ હોય છે, તેથી શિક્ષકોએ પણ તૈયાર રહેવું પડે છે, શિક્ષક પૂર્વતૈયારી વિના ક્લાસમાં ન જઇ શકે. વિદ્યાર્થી વિવિધ વિષયો વિશે જાણતા હોવાથી ગમે ત્યારે વર્ગમાં ગમે તે સવાલ ભા કરી શકે છે. એના જવાબ માટે શિક્ષક તૈયાર હોવો જો જોઇએ. એ સિવાય સૌથી મોટો પડકાર બાળકોને સંભાળવાનો હોય છે, કારણ કે, ઘરમાં વાલીઓએ કરાવેલા ભૂખલાડ વર્ગમાં શિક્ષકને ભારે પડે છે. તમારા મગજ પર અને મિજાજ પર કાબૂ રાખીને કામ લેવું પડે.

આજે વિદ્યાર્થીને હાર્ડવર્ક કરતા શોર્ટવર્કમાં વધુ રસ છે આજે વિદ્યાર્થીઓ હોંશિયારીનો યોગ્ય ઉપયોગ નથી કરતો. હાડવર્કના બદલે શોર્ટવર્કમાં માને છે, મારા ગુરુઓને જોઇને મેં તેમના જેવા શિક્ષક બનવાનું વિચારેલુ પણ આજે શિક્ષકને ગુરુ જેવું સન્માન નથી મળતું. આજે વિદ્યાર્થી માટે શિક્ષક એટલે માત્ર પરિક્ષાલક્ષી જ્ઞાન મેળવવાનો સ્ત્રોત. અમને મૂલ્યો અને ભૂમિકાનો અહેસાસ છે, પરંતુ વિદ્યાર્થીઓ તેને નથી સમજતા.

હવે બાળકોનો પણ ઈગો હર્ટ થઇ જાય છે બાળકો મોટા થાય તેમ સ્વભાવમાં પરિવર્તન આવતું હોય છે, ત્યારે શિક્ષક તરીકે તમારે જરૂર પડ્યે વાલી અને મિત્ર બંનેની ભૂમિકા અદા કરવાની આવે છે. તેમને વર્ગમાં બધા વચ્ચે કશું કહેતા ઈગો હર્ટ ના થઇ જાય તેનું પણ ધ્યાન રાખવું પડે છે. શિક્ષકની ભૂમિકા સામાજિક પરિવર્તન લાવવાની છે, પરંતુ વિદ્યાર્થીઓને સામાજિક સમસ્યાઓ કે કોઇ સાંપ્રત મુદ્દા ઓછા સ્પર્શે છે.

સરકારી નિયમો અને વાલીઓના લાડ શિક્ષકના હાથ બાંધી દે છે આજે મોટા ભાગે વિભક્ત કુટુંબો થઈ રહ્યા છે, બંને વાલીઓ કામ કરતા હોય તેથી બાળકને ઘરમાં કોઇ રોક ટોક ન હોય અને તેઓ સરળતાથી કામ કરી શકે તે માટે બાળકની દરેક માંગણીઓ સંતોષાતી હોય છે. આ આદતો શિક્ષકોને અને લાંબાગાળે બાળકને ભારે પડતી હોય છે. આજે બાળક સાથે ઉંચા અવાજે વાત કરવી પણ અઘરી થઇ પડે છે. સોશિયલ મીડિયા અને ટેક્નોલોજીના ફાયદા ગેરફાયદા શિક્ષક અને વિદ્યાર્થી બંને પક્ષે છે. સાથે યુવા શિક્ષકો પણ કેટલાક પરિવર્તનો લાવવાની કોશિષ કરે છે, પરંતુ સરકારી નિયમો સંસ્થાકીય પડકારોથી તેમના હાથ બંધાઈ જતા હોય છે.

# ૧૨ વર્ષનો ગુજરાતી ટેણિયો સમગ્ર વિશ્વમાં ચાઈલ્ડ જીનિયસ બન્યો

સમગ્ર સપ્તાહ દરમિયાન રાહુલે સ્પર્ધાના વિવિધ રાઉન્ડમાં તમામ પ્રશ્નોનાં જવાબો સાચા આપ્યા હતા. રાહુલ નોર્થ લંડનનો રહેવાસી છે અને અભ્યાસ કરે છે. તેણે ૧૯મી સદીમાં થઈ ગયેલા આર્ટિસ્ટ વિલિયમ હોલમન હન્ટ અને જહોન એવરેટ્ટ મિલેસ અંગેના સાચા જવાબ આપ્યા હતા. સ્પર્ધા જીત્યા પછી રાહુલે કહ્યું હતું કે આ એટલું સરળ નહોતું પણ ક્વીઝમાં ખૂબ મજા આવી હતી. ફાઈનલ રાઉન્ડમાં, રાહુલને તેની પસંદગીનો વિષય પસંદ કરવાની તક હતી, તેણે એડવર્ડ જેનરની મેડિકલ શોધ અને ૧૮મી સદીના ઈંગ્લેન્ડની મેથોડોલોજી વિષયો પસંદ કર્યા હતા. તેના પિતા મિનેશ દોશી આઈટી મેનેજર છે. તેમણે જ દીકરાને આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રેરણા આપી હતી. તેમણે કહ્યું હતું, મારા દિકરાની આ સિદ્ધિથી મને ખૂબ જ ગર્વ થયો છે.

ફાઈનલ રાઉન્ડ ઘણો જ કઠિન હોય છે. સપ્તાહભર

**બ્રિટનની લોકપ્રિય એવી ચાઈલ્ડ જીનિયસ ટેલિવિઝન ક્વીઝ સ્પર્ધામાં વિજેતા બન્યો છે. આ સ્પર્ધામાં તેણે તમામ સવાલોના સાચા જવાબ આપ્યા હતા અને તેણે રાતોરાત પ્રસિદ્ધિ મેળવી**

આ સ્પર્ધાના વિવિધ રાઉન્ડ યોજાય છે. જેમાં સ્પર્ધકોના ગણિત, અંગ્રેજી, સ્પેલિંગ અને ઈતિહાસ અંગેના કૌશલ્ય તેમજ તેમની સ્મૃતિની ચકાસણી થાય છે. સમગ્ર સ્પર્ધામાં રાહુલ દોશી ફેવરિટ રહ્યો હતો અને શરૂઆતથી જ તે તમામ રાઉન્ડમાં તેણે મોટો સ્કોર બનાવી લીધો હતો. રાહુલને ફાઈનાન્સિયલ એડવાઈઝર બનવું છે. તેણે ફાઈનલ રાઉન્ડ માટેની પોતાની વ્યૂહનીતિનો ખુલાસો કરતા કહ્યું હતું કેએ માટે સૌથી મહત્ત્વની વાત શાંત રહેવાની હતી. માત્ર લક્ષ્ય પર ધ્યાન આપવાનું મેં નક્કી કર્યું હતું. મેં શરૂઆતથી જ સાચા જવાબો આપ્યા હતા અને તેથી હું ખૂબ શાંત રહી શક્યો હતો. રાહુલ પ્રતિષ્ઠિત મેન્સા ક્લબનો સભ્ય પણ છે અને તેનો આઈક્યૂ મહાન વિજ્ઞાની આઈન્સ્ટાઈનના આઈક્યૂ કરતા પણ વધુ હોવાનું મનાય છે. તેની ક્વીઝ સ્પર્ધામાં જીતથી તેના પિતા મિનેશ અને ફાર્માસિસ્ટ માતા કોમલ અત્યંત ખુશ છે.

# GTUને પાંચ ઝોનમાં વિભાજીત કરવાનું શરૂ, દ.ગુ.ના વિદ્યાર્થીઓએ અમદાવાદ સુધી ધક્કા ખાવા નહીં પડે

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) સાથે સંકળાયેલી ૪૦૦થી વધારે કોલેજના સંચાલન અને વહીવટમાં ભારે મુશ્કેલીઓ પ્રસ્તુત થઇ રહી છે. આ ઉપરાંત યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવતી જુદી જુદી પ્રવૃત્તિઓનો લાભ તમામ કોલેજોના વિદ્યાર્થીઓ લઇ શકતા નથી. જેના કારણે કેટલાક વર્ષો પહેલા યુનિવર્સિટીને પાંચ ઝોનમાં વિભાજીત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. હાલમાં આ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. રાજકોટ અને સુરતમાં ઝોન કયા બનાવવો તે નક્કી થઇ ચુક્યુ છે. આગામી દિવસોમાં વડોદરામાં પણ ઝોન માટેની જગ્યા નક્કી કરી દેવાશે. આમ, આગામી છ માસમાં પાંચેય ઝોનની રચના પુરી કરી દેવામાં આવશે. જેના કારણે તમામ કોલેજોના વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપનો લાભ મળી શકશે. યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાય સમયથી ઈજનેરીમાં જુદા જુદા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે સ્ટાર્ટઅપ અને ઈનોવેશનના કાર્યક્રમો ચલાવવામાં આવે છે. વિદ્યાર્થીઓ મોડે સુધી યુનિવર્સિટીમાં બેસીને કામ કરતા હોય છે. જો કે, આ લાભ માત્ર અમદાવાદ અને ગાંધીનગરની ઈજનેરી કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જ મળી રહ્યો છે. રાજયની અન્ય કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આ લાભ મેળવી શકતાં નથી.

યુનિવર્સિટીના કુલપતિ ડો. નવીનચંદ્ર શેઠ કહે છે હાલમાં રાજકોટમાં ઝોન માટે જમીન સહિતની વ્યવસ્થા થઇ ગઇ છે. આ ઉપરાંત સુરતમાં પણ ઝોનની વ્યવસ્થા થઇ ચુકી છે. કમિશનર અને અમે પણ આ બન્ને જગ્યા જોઇ આવ્યા છીએ. ટૂંક સમયમાં વડોદરામાં પણ ઝોન કયા બનાવવો તેની વ્યવસ્થા કરી દેવામાં આવશે. આમ, આગામી એક માસમાં રાજકોટ, સુરત અને વડોદરામાં ઝોન ઉભા કરી દેવામાં આવશે. ઉત્તર ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ગાંધીનગરમાં વ્યવસ્થા કરવામાં આવશે. દ.ગુ.સમેત છેવાડાના વિદ્યાર્થીઓએ સામાન્ય કામગીરી માટે અમદાવાદ જીટીયુના ધક્કા પડતા હતા તે તમામ હેરાનગતિમાંથી મુક્તિ મળે તેવી શકયતા છે. લેકાવાડાની જમીન મળવા અંગે અનિશ્ચિતતા ગુજરાત સરકાર દ્વારા ટેકનોલોજીકલ યુનિવર્સિટીની ગાંધીનગર પાસે લેકાવાડા ૧૦૦ એકર જમીન આપવાની જાહેરાત કરી છે. જો કે, જાહેરાત કરાયા બાદ હજુસુધી આ જમીન કયારે મળશે તે અંગે કોઇ તારીખ કે સમય નક્કી થયો નથી.

## સુરત, રાજકોટ અને વડોદરા એમ ત્રણે જગ્યાએ નવા ઝોન શરૂ કરાશે

**SHIKSHAN SARVADA : Year : 11, Issue: 261,** Owner, Publisher & Printer : Ashok Randeria has published from 101, Rudraksh Residency, Opp. Janki Row House, Near Jalarambapa Temple, L.P. Savani School Road, Adajan, SURAT. Ph : 0261-2747440 and printed at Jagdish Printers, 10/537, Narayan Krupa apartment, Gajjar Sheri, Opp. B.O.B., Soni Falia Main Road, SURAT. RNI Regn. No. GUJ/2006/20048.